જૂનાગઢ



ગુજરાત પરિચય ગ્રંથમાળા : ૮

જૂનાગઢ

લેખક :

ધનવન્ત ઓઝા

નવચેતન પ્રકાશન ગૃહ : અમદાવાદ-૭.

પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર, ૧૯૬૪

ચિત્રકાર : રતુભાઈ મિસ્ત્રી

કિંમત : ૧-૦૦
[એક રૂપિયો]

પ્રકાશક :
બાબુભાઈ પટેલ
૩, પંકજ સોસાયટી,
સરખેજ રોડ, અમદાવાદ : ૭

મુદ્રક :
મહેન્દ્રકુમાર ગોકળદાસ પટેલ,
શ્રી ખડાયતા મુદ્રણ કલા મંદિર,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

જૂનાગઢ

"જૂનાગઢની ધરતી પર સમયનો હિસાબ કોઈએ આલેખ્યો નથી. અઢી હજાર વરસો પૂર્વેનો ઉપરકોટ : બે હજાર વર્ષો પૂર્વેનો અશોકનો શિલાલેખ : ૯૦૦ વરસો પૂર્વેનું સોમનાથનું પતન : પાંચસો વરસો પૂર્વેની જૂનાગઢની ઘીંગી કિલ્લેબંધી : હજારો વરસો પૂર્વેની ભગવાન કૃષ્ણચંદ્રના દેહોત્સર્ગની ધરતી : અને આ બધાંથી પણ વધુ કાળજૂનો ગરવો ગિરનાર; જૂનાગઢ એટલે સૌરાષ્ટ્રનો સારંગ અને જીવતો ઇતિહાસ. એનું સદાય ઝળકતું કલેવર, એનું સદાય ધબકતું કાળજું, એની સદાય બોલતી વાચા, એનું સદાય તપતું રહેલું ગૌરવ, કાળચક્રના વારાફેરા વચ્ચે સદાય સચવાઈ રહેલું એનું અણનમ અરમાન અને અનેક ઝંઝાવાતો વચ્ચે પણ ઊડતી રહેતી એની જાજરમાન ધજા.

વાદળ સાથે વાત કરતા જૂનાગઢ અને ગિરનારને માથે ઝૂકી રહેલાં ભૈરવજાપનાં ડારતાં શીખરનું પડછંદ ઊંચાણુ અને ઉપરકોટના અદ્ભુત નવઘણુ કૂવાનું આંખમાં તમ્મર ચઢાવતું ગહન ઊંડાણુ—આ આકાશ અને આ પાતાળ વચ્ચેના જૂનાગઢના પ્રગલ્ભ ભૂતકાળ ને તેનાં અગોચર ભાગ્ય વચ્ચેના જૂનાગઢનો આધુનિક ઇતિહાસ અને તેનાં આજનાં કલેવરને માથે પણુ થોડોક દૃષ્ટિપાત કરો.

કુદરતે જૂનાગઢને એક અનોખી જ તાસીર અર્પણુ કરી છે. કાઠિયાવાડનો પ્રવાસી જૂનાગઢની સરહદને અડે છે ને એક કામણુગારી ધરતી તેને ખરકતી જણુાય છે. લીલીછમ સૃષ્ટિ : આંબાની મનોહર કતારો, રૂપાળાં વૃક્ષોનાં સોહામણાં ઝુંડો, ગિરનારે ધારેલી હરિયાળી શાલ, રોનકદાર ઇમારતો, કોઈક સાદો પણુ સુગંધી, કોઈક ભવ્ય વૃક્ષોથી ભરાવદાર બનેલો અને મદમાતો બનીને પોતાની વિપુલ સંપત્તિને ચારેકોર ઉડાવવા મથતો, કોઈક આછેરો અને છતાંય રંગીલો, કોઈક સાહસની નારીના રેશમી પાનેતરના રમ્ય લાગતા પાલવની અદાથી પથરાયેલો, કોઈક પાંખી અને છૂટીછવાઈ વનરાજીથી મરકી રહેલો અને કોઈક પોતાની ઘેરી ઘટાથી તરબતર બનેલો—આવા જૂનાગઢના અનેકવિધ બગીચાઓ

અને ગઈ કાલની ઘેઘૂર નવાબીના ઘેનમાં હજુય ડોલતા જૂનાગઢના આયના મહેલો: જૂનાગઢના દેહ-લાલિત્યને ઓપ આપી રહેલો તેનો આ ચિત્તાકર્ષક શણગાર સોરઠના કયા દેખતા પ્રવાસીએ દીઠો નથી?

અને બે ત્રણ હજાર વરસોની તેજછાયા વચ્ચે પણ જીવતો અને જાગતો રહેલો જૂનાગઢનો ઉપરકોટ!

'જેણે જોયો નથી એ જીવતે મૂવો' એવા એ ઉપરકોટનો નવઘણ કૂવો, એની ધરતીના પેટાળમાં બૌદ્ધકાળે કોતરેલી મનાતી શીતળ ગુફાઓ, એક વેળાની ઊંડી ખાઈથી રક્ષાયેલી તેની ધીંગી દીવાલો, સુલતાન મહમદ બેગડાને હાથે મસ્જિદમાં ફેરવાયેલી રડતી અને ભાંગેલી છતાંય કંઈક કહેતી ઉપરકોટની રા'ખેંગારની હવેલી, ત્યાં વાગતા રાણકદેવકીના રોમાંચક ભણકારા, ત્યાં ટકરાઈને તૂટી પડેલી સત્તાઓનાં રુધિરથી ખરડાયેલી તેની ધૂડનાં ઢેફાં: બસો ને ચાર તસુ જેટલી લાંબી અને ચારસો ને નેવું તસુ જેટલા ઘેરાવાવાળી અરબસ્તાનના સલીમખાનના પુત્ર સુલતાન સુલેમાને પંદરમા સૈકામાં મિસરમાં બનાવેલી તેની નીલમ તોપ–અનેકવિધ વારાફેરાઓ વચ્ચે પણ જાજરમાન જૂનાગઢનો આવો ઉપરકોટ કેટલો અલિપ્ત અને કેવો અણનમ ઊભો

રહ્યો ? અને કેટલી બધી ચઢાઈઓને તાબે થવા છતાંય પોતાનું સૈકાવેરું અરમાન, કેટલી અને કેવી રમ્ય છટાથી તે સાચવી રહ્યો ?

દામોદર અને પ્રાચીકુંડ જેવા જૂનાગઢના અનેક કુંડો, ગોરખથી માંડીને દાતાર સુધીનાં તેનાં ઘણાંય સુરમ્ય શિખરો, નેમીનાથ અને અંબામાતા જેવાં તેનાં અનેક મંદિરો, દમામદાર મસ્જિદો, રોનકદાર મકબરાઓ, નદીઓ અને નેસડાઓ, ગીર જેવાં જંગલો અને આખા એશિયાના એ જંગલોમાં વસતા એકલા વનરાજો–કસબીઓ જડે તો કસબની સામગ્રીનો દુકાળ જૂનાગઢને જરાય નડતો નથી.

પણ એક વિશિષ્ટ આકર્ષણ કરનારી વાત તો હજુ પણ બાકી જ રહી. સાહિત્યની દુનિયામાંયે જૂનાગઢે પોતાના નામની એક અમર કોતરણી કરી. ભક્તકવિ નરસિંહ જૂનાગઢની મત્તા હતો. ગુજરાતી ભાષાને કવિતાનો કંઠ આપનારો જૂનાગઢનો નરસૈયો હતો. અને નરસૈયાનું રચેલું, ગાંધીજીએ ગાયા પછીથી આપણી દુનિયાના કરોડો માનવીઓના કંઠમાં મઢાઈ ગયેલું 'વૈષ્ણવજન તો તેને કહીએ'નું જગપ્રસિદ્ધ કાવ્ય પણ જૂનાગઢની સાહિત્યરસિક ભૂમિને માથે જ પ્રકટ્યું હતું. અહીંથી થોડેક દૂર

વસેલા કાઠિયાવાડના નંદનવનસમા ચોરવાડમાં પણ સાહિત્યનો બગીચો હજુ તો ગઈ કાલ સુધી ફોરેલો હતો. 'સ્વર્ગ'નાં પુસ્તકોના લોકપ્રિય કર્તા અમૃતલાલ પઢિયારની મંડળી રમણીય ચોરવાડમાં હજુ તો હમણાં જ વસતી હતી. આવું રળિયામણું જૂનાગઢ છે."

જૂનાગઢમાં સાહિત્ય પરિષદનું અધિવેશન મળ્યું ત્યારે સ્વાગત-પ્રમુખ તરીકેના વ્યાખ્યાનમાં શ્રી શામળદાસ ગાંધીએ જૂનાગઢનો પરિચય ઉપરના શબ્દોમાં આપ્યો હતો.

જે સ્થાને જૂનાગઢ છે તે સ્થાને અથવા તેની નજીકમાં પ્રાચીનકાળથી વસાહતો હશે એમ તો લગભગ બધા જ ઇતિહાસકારો સ્વીકારે છે. શ્રી જયસુખરાય જોષીપુરાએ 'ગૌરવ' નામના પુસ્તકમાં લખ્યું છે: "આ શહેરને આદિ કાળમાં મણિપુર, સ્મૃતિકાળમાં ચંદ્રકેતુપુર, પછી રેવતનગર અને કળિકાળમાં પુરાતનપુર પણ કહેતા હતા." આ બતાવે છે કે અહીં પુરાતનકાળમાં પણ નગરો હતાં. આ પછીના કાળમાં આ સ્થળનાં નગરને વિવિધ નામો મળ્યાં છે. ઇતિહાસના ઘણા વારાફેરા આ નગરે જોયા છે. એની સમગ્ર કથાનું નિરૂપણ કરીએ તે પહેલાં નર્મદ અને ન્હાનાલાલે એને વિષે જે નોંધ આપી છે તે જોઈ લઈએ.

નર્મદે 'ગુજરાત સર્વસંગ્રહ'માં તેને વિશે નીચેની નોંધ આપી છે:

"જુનાગઢ શહેર ઘણું પુરાતન છે. એનું જૂનું નામ જીર્ણદુર્ગ હતું. એ ગુપ્ત રાજાઓના હાથમાં હતું ત્યાર પછી ચુડાસમાના હાથમાં ગયું. એ ચુડાસમા રાજાઓમાં સૌથી પ્રખ્યાત ને છેલ્લો રાજા રા'મંડળિક હતો. તેના ઉપર અમદાવાદનો બાદશાહ સુલતાન મહમદ ચઢી આવ્યો ને જુનાગઢ લઈ પોતાના રાજમાં જોડી દીધું ત્યારથી તે અમદાવાદના રાજની પડતી થઈ ત્યાં સુધી જુનાગઢનો રાજકારભાર અમદાવાદથી નીમાઈ આવતા મુસલમાન થાણદારો ચલાવતા. પછીથી અમદાવાદમાં દિલ્હીથી નીમાઈ આવતા સુબા રાજકારભાર કરતા ને જુનાગઢમાં દિલ્હીથી નિમાતા ફોજદાર કારભાર કરતા. સૌથી છેલ્લો ફોજદાર શેરખાન બાબી હતો. એ ૧૭૪૮ માં નવાબ એ ખિતાબ તથા બહાદુરખાન એ નામ ધારી સ્વતંત્રપણે રાજ્ય કરવા લાગ્યો. જોવાલાયક જગામાં નવાબનો મહેલ, જમાદાર સાલેહ હિંદીનું મકાન, શેખ બાહઉદ્દીનનું મકાન, મોહબતચોક, ઇસ્પિતાલ અથવા દરબારી મકાનો છે."

કવિવર ન્હાનાલાલે જૂનાગઢનો પરિચય આપતાં લખ્યું છે:

"શ્રી કૃષ્ણના ને ચંદ્રગુપ્તના વારાનું પ્રાચીન શહેર છે. આપણા આદિ કવિ નરસિંહ મહેતા ત્યાં થયા; ઇતિહાસજાણીતી સતી રાણકદેવડી જૂનાગઢની રાણી હતી. પાસે ગિરનારની પર્વતમાળ છે તે ગોળીરૂપે ગોળાકાર છે; ને વચ્ચે રવૈયા જેવું ગિરનારનું શિખર છે. એટલે પ્રાચીન કાળમાં ગિરનારને રેવત (રવૈયો)– રેવતાચળ કહેતા. રેવતના રાજાની કુંવરી રેવતીજી શ્રી કૃષ્ણના વડિલ ભાઈ બળરામને પરણાવ્યાં હતાં. સોરઠનાં સપાટ મેદાનોમાંથી ઊંચો સ્હડેલો છે તેથી ગિરનારને ઉર્જ્જયન્ત પણ કહે છે. સામે દાતારની ટેકરી ઉપર જમિયલ પીરની જગા છે. ગિરનાર ઉપર દત્તાત્રીનાં પગલાં છે, જૈનોનાં દહેરાસરો છે. ગિરનારમાં સિંહો રમે છે, તે સિંહોના સંગાથી યોગીઓ રમતા. હમણાં હમણાં સિંહો ઓછા થયા છે, ને યોગીઓ દેખાતા નથી. સુવર્ણગંગા–સોનરેખ નદી ગિરનારમાંથી નીકળી જૂનાગઢ કને થઈ વહે છે; એમાંથી સોનાની કણિકાઓ જડતી. સોનરેખને બાંધીને મહારાજ ચંદ્રગુપ્તના સૂબાએ સુદર્શન સરોવર બંધાવ્યું હતું. સુદર્શનની પાળે અશોક મહારાજે શિલાલેખ કોતરાવ્યો હતો. આજે સુદર્શનને સ્થાને દામોકુંડ છે, ને શિલાલેખની મારગમાં મોટી શિલા પડેલી છે. પાસે રા'ખેંગારના ઉપરકોટનાં ખંડેર છે. જૂના-

ગઢમાં રા'નું રાજ્ય હતું. ઈ. સ. ૧૪૭૧ માં અમદાવાદના બાદશાહે છેલ્લા રા'મંડળિકને હરાવીને જૂનાગઢ જીત્યું ત્યારથી ત્યાં મુસલમાની રાજ્ય છે. અમદાવાદના બાદશાહના ફોજદાર જૂનાગઢમાં રહેતા ને બાદશાહી નઝર ઉઘરાવતા. ઈ. સ. ૧૭૪૮ માં એ ફોજદાર સ્વતંત્ર નવાબ થયા. ઇસ્લામી રોનકના મકબરા જૂનાગઢમાં જોવા જેવા છે. જૂનાગઢના બાગ જેવા બાગ ગુજરાતભરમાં બીજે નથી."

ભગવાન કૃષ્ણે દ્વારકા વસાવ્યું ત્યારે આ પ્રદેશ પ્રસિદ્ધ તો હતો જ. પુરાણો કહે છે કે આનર્તના પુત્ર રેવતે કુશસ્થળી નામનું નગર વસાવ્યું હતું. આ કુશસ્થળી વિષે પુરાણોમાં જે ઉલ્લેખો છે તે બધા શ્રી ઉમાશંકર જોષીએ 'પુરાણોમાં ગુજરાત' માં એકત્ર કર્યા છે. સમુદ્રતટે રેવત પર્વત પાસે કુશસ્થળી હતું અને ત્યાં દ્વારકા વસ્યું એમ મહાભારતમાં કહ્યું છે. વધુમાં તેમાં કહ્યું છે કે રૈવત પુરદ્વાર ભૂષણરૂપ હતો અને તેની બધી બાજુએ સમુદ્ર હતો. રૈવતનો પિતા રેવત આનર્તદેશ ભોગવતો અને કુશસ્થળીમાં વસતો. પણ કુશસ્થળી નામ પ્રમાણમાં પ્રાચીનકાળે ઘણું પ્રચલિત હતું એમ પુરાણોમાંના ઉલ્લેખો ઉપરથી લાગે છે. એટલે કુશસ્થળી અને કુશાવતી નામનાં નગરો અનેક સ્થળે હોય એવો સંભવ છે.

શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી માને છે કે રેવતક પર્વતની તળેટીમાં કુશસ્થળી વસ્યું હશે પછી એ જ સ્થાન ઉપર દ્વારકા વસ્યું હશે એવું અનુમાન એ કરે છે. એટલે કે આજનું જૂનાગઢ જે સ્થાન ઉપર છે ત્યાં અથવા તેની નજીક કૃષ્ણનું દ્વારકા વસ્યું હશે એમ એ માને છે. વેદના સમયમાં આજે જ્યાં ગુજરાત છે ત્યાં જંગલો હતાં. એ પછી તો આ પ્રદેશમાં સ્થળ–જળના અનેક ફેરફારો થયા હશે. એ કાળે વસાહતો તો સાગરતીરે હશે. અંદરના પ્રદેશમાં આદિવાસીઓ વસતા હશે. એવા પ્રાચીનકાળમાં રેવતાચળની તળેટીમાં સૌથી પ્રથમ કુશસ્થળી વસ્યું હશે. અને એ જ સ્થાન ઉપર યાદવોએ આવીને દ્વારકા વસાવ્યું હશે એવી એમની અટકળ છે.

લગભગ આ જ અરસામાં સાગરકાંઠે પ્રભાસ પાટણ વસ્યું હશે. શ્રી કૃષ્ણના દેહોત્સર્ગ પછી જે કાબાઓએ કૃષ્ણની સ્ત્રીઓનું હરણ કર્યું હતું એ કાબાઓ મૂળ તો યાદવવંશના જ હોય એવો સંભવ છે.

ગિરનારની તળેટીનો પ્રદેશ એ પ્રાચીન કાળમાં પણ ફળદ્રુપ તો હતો જ. એટલે લાંબા સમય સુધી એ સ્થળ ઉજ્જડ તો ન રહે.

નંદોના અને મૌર્યોના યુગમાં આપણે

આવીએ છીએ ત્યારે ત્યાં એક નગર વસેલું જ છે. ચંદ્રગુપ્ત મૌર્યના જમાનામાં ગિરિનગરનો ઉલ્લેખ છે. એ પછી સતત એ સ્થળે નગર રહ્યું છે. એમાં રૂપાંતર થતાં થતાં આજનું જૂનાગઢ વિકાસ પામ્યું છે.

આ સ્થાનનો મહિમા ઇતિહાસની દૃષ્ટિએ ઘણો મોટો છે. ઇતિહાસના અનેક યુગોની નિશાનીઓ આ સ્થળે જળવાયેલી આપણને મળે છે. ભરૂચ અને એવાં બીજાં ઘણાં પ્રાચીન સ્થળો ગુજરાતમાં છે. પણ એ સ્થળોએ આટલા પ્રાચીનકાળના ઇતિહાસની નિશાનીઓ મળતી નથી. એટલે તો કવિવર ન્હાનાલાલે આ સ્થાનને ઉદ્દેશીને કહ્યું છે :

"હા ! કાલરાશિ સરિખા ગિરિ રાજતા તે,
ને એક ભૂતકહા ત્ય્હાં ચરણે પડયો 'તો :
રાજેન્દ્ર કો થઈ ગયા સખિ ! ધર્મગોપ્તા,
તે કુલચન્દ્રની કથા ગુહાવન્તી ગાતો:
શું સ્થૂલ–સૂક્ષ્મ લહરી નથી એક પૂરે ?
શું સ્થૂલ નેત્ર નવચેતન મન્ત્ર વાંચે ?
શું સૂક્ષ્મની ન વસી સુન્દરતા સ્થૂલોમાં ?
શું સ્થૂલમાં ન ઊભરાય અદૃશ્ય સૂક્ષ્મ ?
જોયું અમે ગિરિકણે, સ્થૂલની શિલામાં
જોયું અમે જ ઊંડું, અદ્‌ભુત માંહી દીઠું :

એ એક શૈલકણનું ઉર ભેદી જોતાં
ઇતિહાસવાહી લીધ દર્શન ત્હેહાં પ્રભુનું."

જૂનાગઢમાં ગિરનાર તરફ જવાનો રસ્તો વાઘેશ્વરીના દરવાજાથી નીકળે છે. એ રસ્તા ઉપર જમણા હાથે એક મોટા ખડક ઉપર ત્રણ મહત્ત્વના શિલાલેખો કોતરેલા છે. તેમાં પહેલો શિલાલેખ અશોકનો છે. જૂનાગઢથી લગભગ એક માઈલના અંતરે આ ખડક આવેલો છે. તેમાં અશોકનાં પ્રસિદ્ધ ચૌદ શાસનો છે. જમીનની સપાટીથી બાર ફૂટ ઊંચો અને નીચેના ભાગમાં પંચોતેર ફૂટ પરીઘ-વાળો આ ગ્રેનાઈટનો ખડક છે. તેમાં અશોકનો શિલાલેખ સો ચોરસફૂટથી વધુ સપાટી ઉપર પથરા-ચેલો છે. અશોકના શિલાલેખ ઉપરાંત આ ખડક ઉપર બીજા બે લેખો પણ કોતરાયેલા છે. એમાંનો એક મૌર્ય રાજા ચંદ્રગુપ્તના પ્રાંતિક સૂબા વૈશ્ય પુષ્યગુપ્તે બંધાવેલા સુદર્શન તળાવના સમારકામ સંબંધી મહાક્ષત્રપ રુદ્રદામનના સમયનો છે. બીજો લેખ ગુપ્તરાજા સ્કંદગુપ્તના સમયનો છે અને સુરાષ્ટ્રના સૂબા અને પર્ણદત્તના પુત્ર ચક્રપાલિતે ઈ. સ. ૪૫૬–૫૭માં કરાવેલા વિશેષ સમારકામ સંબંધી છે.

અશોકનો લેખ ખડકની ઇશાન બાજુ

ઉપર છે. મેજર જેમ્સ ટૉડ ઈ. સ. ૧૮૨૨ના ડિસેમ્બરમાં ગિરનાર ઉપર ગયો હતો ત્યારે આ લેખ આબાદ સ્થિતિમાં હતો. એ પછી જૂનાગઢથી ગિરનાર જવાનો બંધ બાંધતી વખતે સુરંગ ફોડતાં અશોકના પાંચમા અને તેરમા શાસનોના અમુક ભાગ ઊડી ગયા હતા. અત્યારે તો આ લેખવાળા ખડકની સાચવણી પુરાતત્ત્વખાતુ કરે છે. તેના ઉપર મકાન બાંધવામાં આવ્યું છે અને તેની સાચવણી પ્રમાણમાં ઠીક થાય છે.

અશોકનાં આ ધર્મશાસનોનું ઐતિહાસિક મહત્ત્વ ઘણું છે. એમાંથી કેટલીક ઉપયોગી માહિતી પણ મળે છે. એમાં જે ખંડિત શાસનો છે તે છોડી દઈને બાકીનાં શાસનોનો અનુવાદ શ્રી ગિરિજાશંકર વલ્લભજી આચાર્ય કૃત "ગુજરાતના ઐતિહાસિક લેખો"માંથી અહીં ઉતારીએ છીએ :

શાસન ૧ લું

અ આ નીતિલેખન દેવોના પ્રિય પ્રિયદર્શિ રાજાએ લખાવેલ છે.

બ આંહી કોઈ પણ જીવતા પ્રાણીને મારવું નહીં, તેમજ હોમવું નહીં.

ક અને કોઈ પણ ઉત્સવસંમેલન ભરવું નહીં.

ડ કારણ કે દેવોના પ્રિય પ્રિયદર્શિ રાજા ઉત્સવ-સંમેલનોમાં બહુ દોષ જુએ છે.

ઈ પણ વળી કેટલાંક એવાં ઉત્સવસંમેલનો છે કે જે દેવોના પ્રિય પ્રિયદર્શિ રાજાથી સારાં મનાયાં છે.

ફ પૂર્વે દેવોના પ્રિય પ્રિયદર્શિ રાજાના રસોડામાં સૂપ બનાવવા માટે ઘણાં લાખ પ્રાણીઓ રોજ મારવામાં આવતાં હતાં.

ગ પણ હવે જ્યારે આ નીતિલેખન લખાયું છે ત્યારે સૂપ માટે માત્ર ત્રણ પ્રાણી મારવામાં આવે છે; બે મોર અને એક હરણ; વળી આ હરણ પણ હમ્મેશ નહીં.

હ આ ત્રણ પ્રાણીઓ પણ ભવિષ્યમાં મારવામાં આવશે નહીં.

શાસન બીજું

અ દેવોના પ્રિય રાજાના (જીતેલા) પ્રદેશોમાં બધે તેમજ સરહદ ઉપરના રાજાઓ જેવા કે ચોડ, પાણ્ડય, સંતિયપુત, કેતલપુત તેમજ તામ્રપર્ણી અને યોનરાજા અંતિયક અને વળી આ અંતિયકની પડોશમાં જે રાજાઓ છે તેમાં બધે દેવોના પ્રિય રાજાથી બે પ્રકારની ચિકિત્સા સ્થાપવામાં આવી: માણસની ચિકિત્સા અને પશુની ચિકિત્સા.

ખ અને જ્યાં જ્યાં મનુષ્યોપયોગી અને પશૂપયોગી ઔષધો નહોતાં ત્યાં ત્યાં તે મંગાવવામાં આવ્યાં અને રોપાવવામાં આવ્યાં.

ક જ્યાં જ્યાં મૂળો અને ફળો નહોતાં ત્યાં ત્યાં તે મંગાવવામાં આવ્યાં અને રોપાવવામાં આવ્યાં.

ડ પશુ અને મનુષ્યના ઉપયોગ માટે રસ્તાઓ ઉપર કૂવાઓ ખોદાવવામાં આવ્યા અને ઝાડો રોપાવવામાં આવ્યાં.

શાસન ત્રીજું

અ દેવોના પ્રિય રાજા આ પ્રમાણે બોલે છે.

બ રાજ્યાભિષેક થયાને બાર વર્ષ થયાં ત્યારે મ્હારાથી નીચેનો હુકમ કાઢવામાં આવ્યો:

ક દરેક પાંચ પાંચ વર્ષે મ્હારા પ્રદેશોમાં બધે યુક્ત રાજૂક અને પ્રાદેશિક સંપૂર્ણ મુસાફરીએ નીકળશે અને તે આ હેતુ માટે (એટલે કે) નીચેના નીતિશિક્ષણ માટે તેમજ બીજા કામકાજ માટે :

ડ માતા અને પિતા તરફ સુશ્રૂષા સારી છે. મિત્ર, ઓળખીતા, સંબંધી, બ્રાહ્મણ અને શ્રમણ તરફ ઉદાર વૃત્તિ સારી છે. પ્રાણીઓની અહિંસા સારી છે, ઓછો ખર્ચ અને ઓછું સંઘરવું સારું છે.

ઈ (આ નિયમો) હેતુપુરઃસર અને અક્ષરશઃ નોંધવા માટે પરિષદ પણ 'યુક્ત' ને ફરમાવશે.

શાસન ચોથું

અ પૂર્વ સમયમાં ઘણાં સૈકાં સુધી પ્રાણીઓનો વધ અને જીવોની હિંસા નિરંતર વધતી જતી હતી. (તેમજ) જ્ઞાતિજન તરફ અવિવેક અને બ્રાહ્મણ અને શ્રમણ તરફ અવિવેક (પણ વધ્યો જતો હતો).

બ પણ હવે દેવોના પ્રિય રાજાની નીતિચર્યાને લીધે ઢોલનો અવાજ હવે નીતિનો અવાજ (થયો છે). લોકોને વિમાન, હાથીઓ, અગ્નિસમૂહ અને બીજાં દિવ્ય રૂપો બતાવીને.

ક ઘણાં સૈકાં સુધી પૂર્વે અસ્તિત્વમાં નહોતાં એવાં હવે દેવોના પ્રિય રાજાના નીતિશિક્ષણને લીધે પ્રાણીઓના વધનો અટકાવ, જીવોની અહિંસા, જ્ઞાતિજન તરફ વિવેક, માતાપિતાની સેવા, બ્રાહ્મણો અને શ્રમણો તરફ વિવેક, અને વૃદ્ધની સેવા (એ બધાં) વધ્યાં છે.

ડ આ અને બીજી ઘણી રીતે નીતિચર્યા વધી છે. અને આ નીતિચર્યા દેવોના પ્રિય રાજા હમેશાં વધારશે.

ફ દેવોના પ્રિય રાજાના પુત્રો, પૌત્રો અને પ્રપૌત્રો આ નીતિચર્યાને પ્રલયપર્યન્ત વધારશે. નીતિ અને શીલ પાળીને નીતિનું શિક્ષણ આપશે.

ગ આ નીતિનું શિક્ષણ તે શ્રેષ્ઠ કામ છે.

ઘ શીલ વિનાના પુરુષ માટે નીતિચર્યા હોતી નથી, તેટલા માટે આ અર્થની વૃદ્ધિ અને અનુરૂપ સારી છે.

જ નીચેના હેતુ માટે આ લખવામાં આવેલ છે. એટલે કે આ આચરણની વૃદ્ધિ યોજવી અને તેની હાનિ પસંદ કરવી નહીં.

ક દેવોના પ્રિય રાજાએ, અભિષેકને બાર વર્ષ થયે લખાવેલ છે.

શાસન ૬ હું

અ દેવોના પ્રિય રાજા આ પ્રમાણે કહે છે:

બ ભૂતકાળમાં કામનો નિકાલ તેમ જ અહેવાલ રજૂ કરવાનો (રિવાજ) પૂર્વે અસ્તિત્વમાં નહોતો.

ક પણ (તેથી) મ્હેં આ પ્રમાણે ગોઠવણ કરી છે.

ડ હું જમતો હોઉં અગર જનાનામાં હોઉં અગર અંદરના ઓરડામાં હોઉં અગર ગોશાળામાં, પાલખીમાં કે વાડીમાં હોઉં ત્યાં બધે પ્રજાનું કામકાજ ગમે ત્યારે મ્હને નિવેદન કરવા માટે ખબર આપનારાઓ રાખવામાં આવ્યા છે.

એ બધે ઠેકાણે પ્રજાનું કામકાજ કરું છઉં.

ફ હું જે મોઢેથી દાન અગર ઢંઢેરાનો હુકમ કરું તે સંબંધી તેમજ જે તાકીદની બાબત મહામાત્રોને

સોંપવામાં આવી હોય તે સંબંધી પરિષદમાં વિવાદ થાય અગર સુધારો સૂચવવામાં આવે તો ગમે તે વખતે ગમે ત્યાં તે મ્હને નિવેદન કરવું જોઈએ.

ગ એમ મ્હેં હુકમ કર્યો છે.

હ કારણ કે કાર્યનો નિકાલ કરવામાં અને (તે સંબંધી) શ્રમ લેવામાં મ્હને કદિ સન્તોષ થતો નથી.

ઈ બધા લોકોનું હિત એ મ્હારું કર્તવ્ય માનું છઉં.
જ પણ તેનું મૂળ શ્રમ લેવો અને કાર્યનો નિકાલ છે.
ક બધા લોકોનું હિત જાળવવા માટે બીજું કોઈ વધારે ઉપયોગી કાર્ય નથી.

લ હું જે પ્રયાસ કરું છઉં તે એટલા માટે કે હું પ્રાણીઓના કરજમાંથી મુક્ત થાઉં, આ સંસારમાં તેમને હું સુખ આપું અને પરલોકમાં તેઓ સ્વર્ગ મેળવે.

મ આ હેતુ માટે આ નીતિશાસન લખાવવામાં આવ્યું છે કે તે લાંબો વખત ટકે અને મ્હારા પુત્રો, પૌત્રો અને પ્રપૌત્રો બધા લોકના હિત માટે આ પ્રમાણે વર્તે.

ન ઉગ્ર પરાક્રમ સિવાય આ દુષ્કર છે.

શાસન ૭ મું

અ દેવોના પ્રિય રાજા ઇચ્છે છે કે બધા પન્થો બધે વસવા જોઈએ.

ખ તે બધા સંયમ અને માનસિક શુદ્ધિની અપેક્ષા રાખે છે.

ક પણ મનુષ્યો ઊંચી નીચી તૃષ્ણાઓ અને આવેશો ધરાવે છે.

ડ કાં તો તેઓ બધી (તૃષ્ણા) પરિપૂર્ણ કરે છે અગર અમુક અંશે સફળતા મેળવે છે.

ઈ વિપુલ દાન કરનારામાં જો સંયમ, માનસિક શુદ્ધિ, કૃતજ્ઞતા અને દૃઢ ભક્તિ ન હોય તો (તે) બહુ જ નીચો છે.

શાસન ૮ મું

અ ભૂતકાળમાં રાજાઓ વિહારયાત્રા કરવા નીકળતા.

બ તેમાં મૃગયા અને બીજી તેવી મજાઓ (ભોગવાતી) હતી.

ક પણ જ્યારે દેવોના પ્રિય રાજાને અભિષેક થયાને દસ વર્ષ થયાં ત્યારે તે સંબોધિ(બુદ્ધ ગયા)એ ગયો.

ડ તેથી આ ધર્મયાત્રા (શરૂ કરાઈ).

ઈ આમાં નીચે પ્રમાણે થાય છે. બ્રાહ્મણ અને શ્રમણનાં દર્શન, (તેઓને) દાન, વૃદ્ધોનાં દર્શન અને સોનાથી પોષણ, ગામડાંઓનાં માણસોનાં દર્શન, (તેઓને) ધર્મનું શિક્ષણ અને પ્રાસંગિક ધર્મસંબંધી પ્રશ્નો પૂછવાનું.

ફ દેવોના પ્રિય રાજાના (રાજ્યના) આ બીજા ભાગથી ઘણી પ્રીતિ ઉત્પન્ન થાય છે.

શાસન ૯ મું

અ દેવોના પ્રિય રાજા આમ કહે છે.

બ મંદવાડમાં, પુત્ર તેમ જ પુત્રીનાં લગ્નમાં, પુત્રજન્મ વખતે તેમ જ યાત્રાએ જતી વખતે માણસો જૂદી જૂદી વિધિઓ કરે છે.

ક પણ આ પ્રસંગે સ્ત્રીઓ બહુ અને બહુજાતની ક્ષુદ્ર અને નિરર્થક વિધિઓ કરે છે.

ડ હવે વિધિઓ કરવી જોઈએ.

એ પણ આ જાતની વિધિ અલ્પ ફળવાળી છે.

ફ પણ નીચેની વિધિ એટલે કે ધર્મ સંબંધી વિધિ બહુ ફળવાળી છે.

ગ તેમાં નીચેની વિધિનો (સમાવેશ થાય છે). ગુલામ અને નોકરોને યોગ્ય સભ્યતા, વૃધ્ધો તરફ પૂજ્યભાવ, પ્રાણીઓ તરફ સંયમ અને બ્રાહ્મણ અને શ્રમણ તરફ દાનવૃત્તિ. આ અને એવી બીજી વિધિ ધર્મવિધિ કહેવાય છે.

હ તેટલા માટે પિતા, પુત્ર, ભાઈ અગર સ્વામીએ કહેવું જોઈએ કે આ સારું છે, હેતુ પાર પડે ત્યાં સુધી આ વિધિ કરવી જોઈએ.

ઈ અને એમ પણ કહેવામાં આવ્યું છે કે દાન દેવું તે સારું છે.

જ ધર્મનું દાન અને ધર્મના અનુગ્રહ જેવું બીજું એકે દાન અનુગ્રહ નથી.

ક તેટલા માટે મિત્ર, સુહૃદય જ્ઞાતિજન અને સોબતીએ તે તે પ્રકરણમાં (બીજાને) ટોકવાં જોઈએ કે આ કરવું જોઈએ, આ સારું છે, આ કરવાથી સ્વર્ગ મેળવવું શક્ય છે.

લ અને સ્વર્ગ મેળવવા કરતાં બીજું વધારે શું ઈષ્ટ છે.

શાસન ૧૦ મું

અ હમણાં અને ભવિષ્યમાં મ્હારી પ્રજા ધર્મ સેવે અને ધર્મવ્રતનું પાલન કરે તે (સેવા અને પાલન) સિવાય યશ અને કીર્તિનો કાંઈ મ્હોટો ફાયદો નથી.

બ આ માટે દેવોના પ્રિય રાજા યશ અને કીર્તિની ઇચ્છા રાખે છે.

ક પણ જે પ્રયત્ન દેવોના પ્રિય રાજા કરે છે તે બધો પરલોક માટે છે કે જેથી બધાં માણસ ઓછો ભય ખેડે.

ડ પણ ભય આ છે, એટલે કે અપુણ્યત્વ.

ઈ પણ ક્ષુદ્ર તેમ જ ઊંચા માણસથી ઘણી જ ખંત

અને બીજું બધું તજી દીધા વિના આ (સાધવું) દુષ્કર છે.

ફ પણ ઉચ્ચ માણસને માટે આ ખાસ દુષ્કર છે.

શાસન ૧૧ મું

અ દેવોના પ્રિય રાજા આમ કહે છે:

બ ધર્મના દાન જેવું બીજું દાન નથી, ધર્મ (દ્વારા) ઓળખાણ જેવી બીજી ઓળખાણ નથી, ધર્મની લ્હાણી જેવી બીજી લ્હાણી નથી, અને ધર્મ (દ્વારા) સંબન્ધ જેવો બીજો સંબન્ધ નથી.

ક તેમાં આનો સમાવેશ થાય છે.—દાસ અને નોકરો તરફ સમભાવ, માતા અને પિતાની સેવા, મિત્ર, ઓળખીતા અને સંબન્ધી, બ્રાહ્મણ અને શ્રમણ તરફ ઉદારતા અને પ્રાણીની અહિંસા.

ડ આ બાબતમાં પિતા, પુત્ર, ભાઈ, મિત્ર, ઓળખીતા, સંબન્ધી અને પાડોશીએ પણ કહેવું જોઈએ કે આ સારું છે, આ કરવું જોઈએ.

ઈ તે પ્રમાણે જો (કોઈ) કરે તો આ લોકમાં સુખની પ્રાપ્તિ થાય છે અને તે ધર્મદાનથી પરલોકમાં પણ અનન્ત પુણ્ય થાય છે.

શાસન ૧૨ મું

અ દેવોના પ્રિય રાજા બધા પન્થોને માન આપે છે. સાધુને તેમજ ગૃહસ્થોને માન આપે છે, દાનથી

અને વિવિધ જાતની પૂજાથી માન આપે છે.

ખ બધા પન્થોનાં સારભૂત તત્ત્વોની વૃદ્ધિના જેવાં બીજાં એકે દાન અગર પૂજા માનતા નથી.

ક તત્ત્વોની વૃદ્ધિ બહુ જાતની (હોય છે.)

ડ પણ તેનું મૂળ બોલવામાં સંભાળ એ છે. (એટલે કે) પ્રસંગ વગર પોતાના પન્થની પ્રશંસા અગર બીજાના પન્થની નિંદા ઉદ્ભવે નહિ અને પ્રસંગે પણ તે પ્રમાણસર થાય.

ઈ દરેક પ્રકરણમાં બીજાના પન્થોને માન આપવું જોઈએ.

ફ એમ કરે છે તો પન્થની વૃદ્ધિ કરે છે અને બીજાના પન્થના ઉપર ઉપકાર કરે છે.

ગ પણ જો અન્યથા વર્તે તો પોતાના પન્થને ધક્કો પહોંચાડે છે અને બીજાના પન્થની ઉપર પણ અપકાર કરે છે.

હ કારણ કે જે પોતાના પન્થને પૂજે છે અને બીજાના પન્થને નિંદે છે અને તે બધું પોતાના પન્થ તરફની ભક્તિને લીધે એટલે કે પોતાનો પન્થ કીર્તિ પામે તેવા હેતુથી તો તેમ કરવાથી પોતાના પન્થને ઘણે દરજ્જે નુકસાન પહોંચાડે છે.

ઇ તેટલા માટે સલાહસંપ જ કલ્યાણકારક છે. એટલે કે એકબીજાનો ધર્મ સાંભળે અને ધર્મની આજ્ઞા પાળે.

જ કારણ કે દેવોના પ્રિય રાજાની એવી ઇચ્છા છે કે બધા પન્થો બહુ જ્ઞાનવાળા અને કલ્યાણકારક મતવાળા હોવા જોઈએ.

ક અને જેઓ પોતપોતાના પન્થમાં પ્રસન્ન રહે છે તેઓને કહેવું જોઇએ કે—

લ બધા પન્થોનાં મુખ્ય તત્ત્વોની વૃદ્ધિ જેટલાં દાન અગર પૂજાને દેવોના પ્રિય રાજા ગણતા નથી.

મ અને આ માટે બહુ અમલદારો રોકવામાં આવ્યા છે જેવા કે નીતિના મહામાત્રો, સ્ત્રીઓને કાબૂમાં રાખનારા મહામાત્રો, ગોશાળાની દેખરેખ રાખનારાઓ અને બીજા દરજ્જાના અમલદારો.

ન અને તેનું ફલ આ છે. પોતાના પન્થની વૃદ્ધિ થાય છે અને ધર્મની કીર્તિ (વધે છે).

શાસન ૧૪ મું

અ આ ધર્મલિપિઓ દેવોના પ્રિય રાજાએ સંક્ષિપ્ત, મધ્યમ, અગર વિસ્તૃત સ્વરૂપમાં લખાવી છે.

બ અને તે આખી બધે અનુકૂળ નહોતી.

ક મ્હારું રાજ્ય વિસ્તારવાળું છે. બહુ લખાયું છે, અને હજુ બહુ લખાવાશે.

ડ અને તે તે અર્થની મધુરતાને લઈને આમાંથી કેટલુંક ફરી ફરી કહેવાયું છે. તેથી લોકો તે પ્રમાણે વર્તે.

કે દેશને લઈને અગર મ્હારો હેતુ ન પસંદ પડવાથી અગર લેખકના દોષથી આમાંનું કેટલુંક કેટલીક જગાએ અધૂરું લખાયું છે.”

ગિરિનગરની આ ધર્મલિપિમાં ગુજરાતી સંસ્કારને ઘડનારું સૌથી પહેલું ઇતિહાસસિદ્ધ બળ છે. આપણા લોકજીવનમાં સાંસ્કારિક વારસારૂપે ઊતરી આવેલાં ઘણાં લક્ષણોનાં બીજ એમાં મળે છે. ગુજરાતની પશુદયાની ભાવના, પશુઓની માવજત કરવાની અને સવિશેષ ખોડાં ઢોરને સાચવવાની પ્રથા, વાવ–કૂવા કરાવવાની ગુજરાતની જરૂર, દાનની પ્રથા અને સર્વધર્મસમભાવની ભાવના અહીં સ્પષ્ટ સ્વરૂપે દેખાય છે.

મૌર્યકાળમાં સૌરાષ્ટ્રમાં એવી ક્ષત્રિય જાતિઓ હતી કે જે ખેતી, પશુપાલન અને શસ્ત્ર દ્વારા પોતાનું ગુજરાન ચલાવતી.

અશોકના સમયમાં જેમ સૌરાષ્ટ્ર–આનર્તમાં બૌદ્ધસંપ્રદાય પ્રચાર પામ્યો હતો તેમ તેના ઉત્તરાધિકારી સંપ્રતિના સમયમાં જૈનસંપ્રદાય ફેલાયો હતો.

આ શિલા ઉપર બીજો મહત્ત્વનો લેખ રુદ્રદામનનો છે. એ અગિયાર ફૂટ એક ઇંચ પહોળો અને પાંચ ફૂટ પાંચ ઇંચ ઊંચો છે. તેમાં

વીસ પંક્તિ છે. આમાંની છેલ્લી ચાર પંક્તિઓ જ બરાબર સચવાયેલી છે. બાકીની બધી પંક્તિઓમાંથી કેટલોક કેટલોક ભાગ ઘસાઈ ગયો છે. આ લેખની ભાષા સંસ્કૃત છે. તે ગદ્યમાં છે. જે સુદર્શન તળાવ પાસે આ લેખ કોતરાયેલો છે તેને મહાક્ષત્રપ રુદ્રદામાએ દુરસ્ત કરાવ્યું હતું તે હકીકત નોંધવાનો આ લેખનો આશય છે.

ઈ. સ. ૧૫૦ની ૧૬મી નવેમ્બરે બંધનું બાંધકામ પૂરું થયું હતું એમ જણાય છે. આ લેખમાં ગિરિનગરનો ઉલ્લેખ છે, ઉર્જયંત પર્વતનો ઉલ્લેખ છે અને સુવર્ણસિક્તા અને પલાશિની એવી બે નદીઓનાં તેમાં નામ છે.

અશોક પછી અહીં કોનું શાસન હશે તે ચોક્કસ કહી શકાતું નથી. પણ ઈ. સ. પૂર્વે ૧૮૦ થી ઈ. સ. ૧૦૦ સુધી અહીં યવનોનું રાજ્ય હોય એવો સંભવ છે. એ બધા સમય દરમિયાન ગિરિનગરમાં રાજધાની રહી લાગે છે. અશોકના સમયમાં યવનરાજ તુષાસ્પ ગિરિનગરનો સૂબો હતો. એ પછીના સમયમાં યવનોની સત્તા અહીં ટકી રહી હોય અને તેથી તેને યવનદુર્ગ એવું નામ મળ્યું હોય એ શક્ય છે.

એ પછી અહીં ક્ષત્રપોનું રાજ્ય સ્થપાયું.

એ ક્ષત્રપોમાં મહાક્ષત્રપ રુદ્રદામા આવ્યો. તેનું વર્ણન આ લેખમાં છે. તેમાં કહ્યું છે: "તેનામાં રાજલક્ષ્મી ધારણ કરવાના ગુણને જોઈને સર્વે વર્ણોએ જઈને રક્ષણ માટે તેની 'પતિ' એટલે પાલક તરીકે વરણી કરી. આ રાજાએ પુરુષવધ ન કરવાની પ્રતિજ્ઞા કરી હતી, અને તે પાળી હતી. તેણે સામે આવેલા સમોવડિયા શત્રુને પ્રહાર કરવાનું ન ચૂક્યા છતાં કરુણા બતાવી હતી." રુદ્રદામાએ વ્યાકરણ, અર્થશાસ્ત્ર, સંગીત, ન્યાય વગેરે મહાન વિદ્યાઓ મેળવી હતી. અશ્વચર્યા, ગજચર્યા, રથચર્યા અને ઢાલ–તલવાર તેમજ બાહુયુદ્ધમાં તેણે પ્રાવિણ્ય મેળવ્યું હતું એવો ઉલ્લેખ આ લેખમાં છે.

ઈ. સ. ૧૫૦માં એટલે શક સંવત બોંતેરના માગશર વદ ૧ ને દિવસે ગિરિનગરમાં અતિવૃષ્ટિ થઈ. પરિણામે બધે જાણે મહાસાગર હોય એવાં પાણી ભરાઈ ગયાં. સુવર્ણસિક્તા, પલાશિની વગેરે નદીઓમાં પૂર આવ્યાં અને સુદર્શન તળાવનો બંધ તૂટી ગયો. તેથી તળાવ ખુલ્લું થઈ ગયું. તળાવનું બધું પાણી વહી ગયું. પ્રજામાં નિરાશા વ્યાપી ગઈ. ત્યારે પલ્હવ સુવિશાખે બંધ બંધાવ્યો.

આ સુવિશાખનો પરિચય લેખમાં આપવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે: "આ અધિ-

ષ્ઠાનમાં એટલે ગિરિનગરમાં પૌર અને જાનપદ જનો કહેતાં શહેરી અને ગામડાના લોકોના હિત માટે આખા આનર્ત–સુરાષ્ટ્રના પાલન માટે નિયુક્ત થયેલા કુલૈપનઃ પુત્ર સુવિશાખ પહ્લવે" બીજા અમાત્યો જ્યારે સફળ રીતે કામગીરી બજાવી નહિ શકયા હોય ત્યારે રુદ્રદામાએ આ સુવિશાખને અહીં મોકલ્યો હશે. એ શકત, દાંત, સ્થિર, નિરભિમાની આર્ય હતો. અર્થ અને ધર્મનો યોગ્ય વ્યવહાર કરીને તેણે લોકપ્રિયતા મેળવી અને પોતાના રાજાનાં ધર્મ, કીર્તિ અને યશ વધાર્યાં.

મૌર્યો અને રુદ્રદામા વચ્ચે સૈકાઓનો સમય વીત્યો હતો. એ બધા સમયનો સુદર્શન તળાવનો ઇતિહાસ લેખોમાં અને રાજ્યના દસ્તાવેજોમાં સચવાયો હતો. રુદ્રદામાએ સુદર્શનનું આખું બાંધકામ ફરીને કરાવ્યું હતું. લેખ કહે છે: "મૌર્ય રાજા ચંદ્રગુપ્તના રાષ્ટ્રીય વૈશ્ય પુશ્યગુપ્તે કરાવેલું, અશોક મૌર્યના યવનરાજ તુષાસ્પે અધિષ્ઠાન કરી–અમલ કરી પ્રણાલિઓથી અને રાજાને અનુરૂપ જેનું વિધાન છે તેવું."

એક ઉલ્લેખપાત્ર હકીકત એ છે કે રુદ્રદામાએ આ તળાવ વેઠથી કે નવા કરવેરા નાખીને બંધાવ્યું ન હતું. તેને માટેનો બધો ખર્ચ રાજ્યના

કોશમાંથી કરવામાં આવ્યો હતો. આ કામ વધુ પડતા સમયમાં થયું ન હતું. મૂળ બંધ કરતાં નવો બંધ ત્રણગણો પહોળો, ત્રણગણો લાંબો અને ત્રણગણો મજબૂત હતો. લેખના આરંભમાં તળાવનું વર્ણન છે.

"આ તળાવ સુદર્શન મોટા ઉપચયમાં વર્તે છે. અર્થાત્ છલાછલ છે. તે ગિરિનગરથી (પછીનો ભાગ તૂટી ગયો છે. એ હોત તો નગરથી કેટલે દૂર અને કઈ દિશામાં તે છે એ ખબર પડત.) બધી પાળો પહોળાઈ લંબાઈ અને ઊંચાઈમાં પથ્થરથી એવી રીતે બાંધેલી છે કે તેમાં સાંધો ન રહે તેથી અકૃત્રિમ–કુદરતી પર્વતપાદની સ્પર્ધા કરે એવા સેતુબન્ધથી તળાવ ઉપપન્ન સજ્જ છે. સુવ્યવસ્થિત પ્રણાલીઓ, પરિવાહો અને કચરાથી બચવાના ઉપાયો–ત્રિસ્કન્ધ અને અમુક અનુગ્રહો—સગવડોથી મોટા ઉપચયમાં સુદર્શન તડાગ વર્તે છે."

ક્ષત્રપકાળમાં ગિરિનગરમાં જૈન અસર પણ ઠીક ઠીક હશે એમ સૂચવતો એક ખંડિત શિલાલેખ પણ ગિરિજાશંકર આચાર્યના ગ્રંથમાં મળે છે. શ્રી ભોગીલાલ સાંડેસરાએ 'જૈન આગમોમાં ગુજરાત' નામના ગ્રંથમાં ગિરિનગર વિશેના ઉલ્લેખોનો સંગ્રહ કર્યો છે. ગિરિનગરમાં એક અગ્નિપૂજક વણિક

રહેતો. એ વણિક એક ઘરમાં રત્નો ભરીને તેને સળગાવી દઈ અગ્નિનું તર્પણ કરતો અને તેથી એક વખત આખા નગરને આગ લાગી હતી એવી એક કથા આવશ્યક ચૂર્ણીમાં છે. બીજી પણ કેટલીક કથાઓ છે.

રુદ્રદામા પછી લગભગ બાવીસ ક્ષત્રપ રાજાઓ થઈ ગયા. એમના સમયમાં રાજ્ય મોટું થતું ગયું અને એ આખા રાજ્યનું પાટનગર ગિરિનગર રહ્યું. અવન્તી, અનૂપ, આનર્ત–સુરાષ્ટ્ર, સ્વભ્ર, મરુ, કચ્છ, સિંધુ, સૌવીર, કુકુર, અપરાન્ત, નિષાદ વગેરે દેશો આ મહારાજ્યમાં સ્થાન પામતા હતા. દક્ષિણમાં દૂર સુધી ગિરિનગરની આણ વર્તતી હતી.

ગુપ્તવંશના ચંદ્રગુપ્ત બીજાએ ગુપ્તોની સત્તા તોડી પાડી. પછી પશ્ચિમ ભારતનો બધો પ્રદેશ ગુપ્તોના શાસન નીચે ગયો. પણ એ સમયમાંયે ગુજરાતની રાજધાની તો ગિરિનગરમાં જ રહી હતી. આગળ આપણે બે મહત્ત્વના શિલાલેખોનો ઉલ્લેખ કર્યો છે એ શિલાલેખો જે ખડક ઉપર છે તેના ઉપર ત્રીજો મહત્ત્વનો શિલાલેખ ગુપ્તકાળનો છે. એ ગુપ્ત સંવત ૧૩૫ નો છે એટલે કે ઈ. સ. ૪૫૭–૫૮ નો છે. અતિવૃષ્ટિ, સુદર્શનનો નાશ અને તેનો પુનરુદ્ધાર એ આ શ્લોકનો વિષય છે. ઓગણ-

ચાલીસ શ્લોકના એક સુંદર કાવ્યમાં આ લેખ છે. એ લેખનું શીર્ષક 'સુદર્શનતટાકસંસ્કાર ગ્રંથરચના' એવું છે.

આ લેખની શોધ જેમ્સ પ્રિન્સેપે ઈ. સ. ૧૮૩૮ માં પ્રસિદ્ધ કરી હતી. ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજીએ કપડાં પર તેની છાપ ઉતારી હતી અને તે શિલાછાપમાં છપાવી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. આ લેખમાં ગિરિનગરનું વર્ણન પણ છે. એ લેખ જોતાં લાગે છે કે એ શહેર પર્વતની તળેટીમાં જ હોવું જોઈએ. આ લેખનું લખાણ દસ ફૂટ પહોળી અને સાત ફૂટ ત્રણ ઇંચ ઊંચી જગ્યામાં છે. લેખના પ્રથમ ભાગમાં ગુપ્ત રાજા સ્કંદગુપ્તનું વર્ણન છે. પછી ભગવાન વિષ્ણુની સ્તુતિ છે. એ પછી રાજ્યકર્તાઓની પ્રશંસા છે. પછી સ્કંદગુપ્તે સુરાષ્ટ્રનો વહીવટ કરવા નીમેલા અધિકારી પર્ણદત્તનો પરિચય છે. પર્ણદત્ત આ નગરનો વહીવટ કરવા પોતાના પુત્ર ચક્રપાલિતને નીમ્યો હતો એવો ઉલ્લેખ એમાં છે. ઈ. સ. ૪૫૫–૫૬ માં ઑગસ્ટ–સપ્ટેમ્બરમાં સુદર્શન તળાવ અતિવૃષ્ટિને લીધે તૂટી ગયેલું અને ચક્રપાલિતના હુકમથી ઈ. સ. ૪૫૬–૫૭ માં તેનું સમારકામ થયું એ હકીકત તેમાં નોંધવામાં આવી છે.

આમ આ ખડક ઉપરના લેખોએ આ નગરના જીવનની કથા સાચવી છે. ગુજરાતમાં

મનુષ્યપ્રયત્નથી રચાયેલાં જળાશયો, તળાવો, વાવો, કૂવાઓ તેના સામાજિક જીવનના આધારરૂપ રહ્યાં છે એ હકીકતનું સમર્થન આ લેખો કરે છે. ગુજરાતની સંસ્કૃતિ શતકો સુધી સરોવરસંસ્કૃતિ રહી હતી. સુદર્શનથી શરૂ કરીને સહસ્રલિંગ સુધી એ પ્રણાલિકા સ્પષ્ટપણે દેખાય છે.

ઈ. સ. ૪૮૦ માં સ્કંદગુપ્તનો દેહાન્ત થયો. એ પછી પશ્ચિમ ભારતમાંથી ગુપ્તોની સત્તા તૂટવા લાગી. વલભીના મૈત્રકો બળવાન બન્યા અને સ્વતંત્ર બન્યા.

મૌર્યો, ક્ષત્રપો અને ગુપ્તોના કાળમાં સાતસો વર્ષો સુધી ગિરિનગર ગુજરાત પ્રદેશનું પાટનગર રહ્યું હતું એ એ નગરના ઈતિહાસની ખૂબ મહત્ત્વની હકીકત છે.

ઈ. સ. ૪૭૦–૭૫ ના અરસામાં હૂણોએ ગુપ્ત સામ્રાજ્યને તોડી પાડ્યું. લગભગ એ જ કાળે વિજયસેન ભટ્ટાર્કે વલભીના રાજ્યની સ્થાપના કરી. આ વલભીનું મહારાજ્ય લગભગ ત્રણ શતક સુધી ચાલ્યું. એ કાળમાં સૌરાષ્ટ્ર પ્રદેશ આબાદ બન્યો. આજે એ પ્રદેશમાં જે ગામડાં છે તેમાંનાં ઘણાં વલભી કાળમાં વસેલાં છે. એ સમયે સૌરાષ્ટ્ર પ્રદેશ

ખૂબ ' આબાદ હતો. ચીની પ્રવાસી હ્યુ-એન-સાંગ ઈ. સ.ના ૭ મા શતકમાં આવ્યો હતો. તેણે એ કાળના સૌરાષ્ટ્રનું વર્ણન આપ્યું છે. આ કાળમાં ગિરિનગર વલભીના રાજ્યકર્તાઓના શાસનમાં હતું. વલભીનો નાશ થયો ત્યારે ગિરિનગરનો સૂબો સ્વતંત્ર થઈ ગયો અને તેણે ચૂડાસમા વંશનો આરંભ કર્યો એવી એક અટકળ કેટલાક ઇતિહાસ-કારોએ કરી છે; પણ વધુ સંભવ તો એવો છે કે ચૂડાસમાઓએ વલભીના સૂબાના વંશજ પાસેથી ગિરિનગર લઇ લીધું હોય.

ગિરિનગરમાંથી જૂનાગઢ નામ કેવી રીતે થયું હશે તેને અંગે અહીં વિચાર કરી લેવો યોગ્ય છે. ચૂડાસમાઓના શાસનકાળમાં જ જૂનાગઢ નામ પ્રચલિત બન્યું છે એટલે ચૂડાસમાઓના ઇતિહાસની વાત કરીએ તે પહેલાં આ વિચારણા કરી લેવી ઉચિત છે.

એક વાત તો ચોક્કસ દેખાય છે કે પ્રાચીન ગિરિનગરના સ્થાને અથવા તેની નજીક આજનું જૂનાગઢ વસેલું છે. પ્રાચીન નગરોના અવશેષો ઉપર અથવા તેની નજીક નવાં નગરો વસે એવી પરંપરા તો ઘણી જાણીતી છે. વધુ ખોદકામ થશે ત્યારે આપણને આને અંગે .વધુ પુરાવા મળશે.

ગિરિનગરને સ્થાને જૂનાગઢ વસ્યું હોય તો જૂનાગઢ નામ કેવી રીતે વિકાસ પામ્યું તે પ્રશ્ન વિચારવા જેવો છે.

જીર્ણદુર્ગ એવો એક સંસ્કૃત શબ્દ પ્રચલિત છે. પણ એ તો જૂનાગઢ નામ પડયા પછી તેનું સંસ્કૃત સ્વરૂપ બન્યું હોય એમ લાગે છે. યવન-દુર્ગ એવી એક બીજી વ્યુત્પત્તિ આપવામાં આવે છે. એ કંઈક વધુ યોગ્ય લાગે છે. અશોકના સમયમાં યવનરાજ તુષાસ્પનું અહીં શાસન હતું. ત્યારે એ સ્થાનને યવનદુર્ગ એવું નામ મળ્યું હોય. યવનનું પ્રાકૃત રૂપાન્તર યોન થાય અને તેના ઉપરથી જોન થાય. યોનદુર્ગ-જોનદુર્ગ–જૂનાગઢ એ ક્રમે આ નામનો વિકાસ થયો હોય એવી જે અટકળ શ્રી રસિકલાલ પરીખે કરી છે, એ જરૂર વિચારવા જેવી છે.

ભાટોની એક દંતકથા છે. એ દંતકથા અનુસાર સિંધના સમા રાજપૂતવંશના ચૂડાચંદ્ર નામના રાજાએ વામનસ્થલી–વંથલીમાં પોતાની ગાદી સ્થાપી હતી. આ ચૂડાચંદ્ર ચૂડાસમા વંશનો આદિ પુરુષ હોય એમ લાગે છે. ધંધુસરના લેખમાં તેને ચૂડાસમા વંશનો આદિ પુરુષ ગણ્યો છે. દંતકથા અનુસાર વલભીના નાશ પછી લગભગ સો વર્ષે

નવમા શતકના અંતે વામનસ્થલીમાં ચૂડાસમાઓનું રાજ્ય સ્થપાયું હતું.

ચૂડાસમા વંશના સ્થાપકના પૌત્રનો પૌત્ર રા'ગ્રહરિપુ ઈ. સ. ૯૪૦ થી ૯૮૨ સુધી જૂનાગઢની ગાદી ઉપર હતો. એના સમયથી ચૂડાસમાઓ અને અણહિલપુર પાટણના સોલંકીઓ વચ્ચે વારંવાર વિગ્રહ થતા રહ્યા હતા. પણ એક અથવા બીજા સ્વરૂપે ચૂડાસમાઓનું રાજ્ય ટકી રહ્યું હતું. ગુજ-રાતની સ્વતંત્ર સલ્તનત સ્થપાઈ એ પછી ઈ. સ. ૧૪૭૨ માં ચૂડાસમાઓના રાજ્યનો અંત આવ્યો. ચૂડાસમાઓના સમયમાં જ ઉપરકોટના નામથી ઓળખાતો કિલ્લો અસ્તિત્વમાં આવ્યો લાગે છે. એ કિલ્લો મૂળરાજના સમયથી દીવાન અમરજીના સમય સુધી લડાઈના પ્રસંગે જૂનાગઢના રાજાઓને ઘેરાના પ્રસંગે રક્ષણ આપતો રહ્યો છે. વારંવાર એનો જીર્ણોદ્ધાર થયો હશે એમ લાગે છે.

એક મજબૂત ઊંચા ખડક ઉપર આ કિલ્લો બાંધવામાં આવ્યો છે. મિરાતે અહમદી જણાવે છે કે, ઉપરકોટના કિલ્લાને ત્રણ દરવાજા છે પણ અત્યારે તો એને બે જ દરવાજા છે. ઉપરકોટમાં સૌથી છેલ્લી રચના પાણીની ટાંકીઓના બાંધકામની થઈ હતી. ટાંકીઓ બાંધવા માટે ખોદકામ થયું ત્યારે

જૂના જમાનાની મજબૂત દીવાલો તેમજ કોઠાઓના અવશેષો મળી આવ્યા હતા. એટલે ઉપરકોટના કિલ્લામાં અંદર એક નાનો કિલ્લો જૂના સમયમાં હશે એમ લાગે છે. કૂવા જેવા દાણાના કોઠાર પણ મળી આવ્યા છે. કિલ્લાને ઘેરો નાખવામાં આવે ત્યારે ઉપયોગમાં આવે એ હેતુથી અહીં અનાજનો સંગ્રહ થતો હશે. ખોદકામમાં અશોકની તેરમી આજ્ઞા કોતરેલી એક શિલા મળી છે, કેટલીક પ્રાચીન મૂર્તિઓ મળી છે. જૂના જમાનાનાં ધાતુનાં વાસણો મળ્યાં છે. એક ગુપ્તલિપિમાં કોતરાયેલા પથરા મળ્યા છે. પુરાતત્ત્વવિદોએ આ બધાનો અભ્યાસ કરીને એવી અટકળ કરી છે કે મૌર્ય અને ગુપ્તકાળમાં અહીં મંદિરો, બૌદ્ધવિહારો વગેરે કદાચ હશે. ગુપ્ત સમયના અંત પછી આ બધાનો નાશ થયો હશે અને એ જ સ્થળે ચૂડાસમાઓએ કિલ્લો બંધાવ્યો હશે.

ઉપરકોટમાં ત્રણ તોપો છે. કડાનાળ, નિલમ અને માણેક એવાં તેનાં નામ છે. એ બધી તોપો ઉપર અરબી લિપિમાં કોતરાયેલા લેખો છે. આ તોપો ગુજરાતના સુલતાન બહાદુરશાહના સમયની એટલે ઈ. સ. ૧૫૩૦ આસપાસની જણાય છે. લગભગ ૧૮ મી સદીના અંત સુધી આ તોપો ઉપયોગમાં આવતી હતી.

ઉપરકોટમાં અડીચડી વાવ અને નવઘણ કૂવો જોવા લાયક છે. એને અંગે કહેવત છે: ‘અડીચડી વાવ ને નવઘણ કૂવો, જે નવ જુએ તે જીવતે મૂઓ.’ નવઘણ કૂવામાં અંદર ઊતરવાનાં જે પગથિયાં છે તેની રચના વિશિષ્ટ છે. આ વાવ અને કૂવો લગભગ અગિયારમી સદીનાં છે. એક જૂની મસ્જિદ ઉપરકોટમાં છે. એ કોઈ મંદિરને તોડીને બનાવવામાં આવી હોય તેવી છે.

ખાપરાકોડિયાનાં ભોંયરાંના નામથી ઓળખાતી ગુફાઓ વાસ્તવમાં બૌદ્ધ ગુફાઓ જ છે. ઉપરકોટમાંની ગુફાઓ પણ લગભગ એ જ સમયની છે.

ઉપરકોટ સિવાય જૂનાગઢમાં હિંદુ રાજ્યના સમયની નિશાનીઓ બહુ થોડી છે. વિશળવાવ નામની એક વાવ કદાચ એ સમયની હશે. જૂનાગઢ શહેરમાં જે મહેલો, મસ્જિદો, મકબરાઓ અને બગીચાઓ છે એ તો મુસ્લિમકાળના છે.

વાઘેશ્વરી દરવાજેથી નીકળી ગિરનાર તરફ જતાં શિલાલેખવાળા ખડકથી આગળ પ્રસિદ્ધ દામોદર કુંડ આવે છે. સુવર્ણરેખા નદીને બાંધીને આ કુંડની રચના કરવામાં આવી છે. કુંડના દક્ષિણ કાંઠે સ્મશાન છે. એ કુંડની બંને બાજુ ઉપર પહાડ

છે. દક્ષિણે આવેલા ડુંગરને રૈવતાચલ કહે છે અને ઉત્તરે આવેલા ડુંગરને અશ્વત્થામા ડુંગર કહે છે. વહેમી લોકો માને છે કે અશ્વત્થામા હજીયે જીવે અને ડુંગર ઉપર ફરતા દેખાય છે. આ ડુંગરમાં પશ્ચિમે દામોદરજીનું મંદિર છે. આ આ મંદિરને ફરતો કોટ છે અને કુંડમાંથી મંદિર તરફ જવા માટે પગથિયાં છે. આ કોટ અને પગથિયાં દીવાન અમરજીએ બંધાવેલાં છે. આજે જે મંદિર છે તેની પશ્ચિમે રેવતીકુંડ નામનો નાનો કુંડ છે, ત્યાં વિક્રમ સંવત ૧૪૭૩નો લેખ છે. એટલે આ મંદિર ૧૫મા શતકથી વધુ જૂનું નથી. પણ એમાં જે મૂર્તિ છે તે સ્કંદગુપ્તના સમયમાં ઈ. સ. ના ૫મા શતકમાં સુદર્શન તળાવના કિનારે બંધાયેલા વિષ્ણુમંદિરમાંની પ્રાચીન મૂર્તિ હોવાનો સંભવ છે. દીવાન અમરજીએ જ્યારે આ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો ત્યારે કોટ બાંધવા માટે ખોદકામ કરતાં કેટલીક મૂર્તિઓ મળી આવી હતી અને તેમાંથી એક મંદિરમાં પધરાવવામાં આવી હતી. બીજી બે મૂર્તિઓ બળદેવ અને રેવતીનાં મંદિરોમાં મૂકવામાં આવી છે. દામોદર મંદિરના એક થાંભલા ઉપર ગુપ્તસમયનું કોતરકામ છે. આ દામોદર કુંડ પાસે મહાપ્રભુજીની બેઠક છે. તેમાં દીવાલમાં એક લેખ મળી આવ્યો છે. જયસિંહ ચૂડાસમાના સેના-

પતિ દામોદરે અહીં મઠ બંધાવ્યો હતો એવો તેમાં ઉલ્લેખ છે. બીજાં કેટલાંક મંદિરો પણ અહીં છે. સિદ્ધેશ્વર, રાજરાજેશ્વર, બ્રહ્મેશ્વર વગેરે તેનાં નામો છે.

દામોદરથી જરા આગળ ચાલીએ એટલે ગિરનાર દેખાય છે. રસ્તાની ડાબી બાજુએ દૂધેશ્વર મહાદેવ છે. ત્યાં વહેતી નાની નદી પલાશિની કહેવાય છે. ત્યાંથી આગળ વસ્ત્રાપથેશ્વર છે અને તેની સામે ભવનાથનું મંદિર છે. મહાશિવરાત્રિના દિવસે ભવનાથમાં મોટો મેળો ભરાય છે. તેમાં આખા દેશમાંથી જુદા જુદા પંથના બાવાઓ આવે છે. ભવનાથ પાસે મૃગિકુંડ છે. સ્કંદ પુરાણમાં ગિરનાર માહાત્મ્યમાં આ ભવનાથ અને મૃગિકુંડના માહાત્મ્યની કથા આલેખવામાં આવી છે.

પ્રાચીનતાની દૃષ્ટિએ તેમજ ઐતિહાસિક મહત્ત્વની દૃષ્ટિએ જૂનાગઢ ગુજરાતમાં સૌથી વધુ મહત્ત્વનું નગર છે. શિલાલેખો એ આપણા સૌથી વધુ પ્રાચીન ઐતિહાસિક દસ્તાવેજ છે. મધ્યયુગે પણ જૂનાગઢનું મહત્ત્વ ઘણું હતું. સુલતાન મહમદ બેગડાએ ઈ. સ. ૧૪૭૦માં રા'માંડલિકનો પરાજય કર્યો ત્યારથી બસો એંશી વર્ષ જેટલા સમય સુધી સૌરાષ્ટ્રનું કેન્દ્ર જૂનાગઢમાં જ હતું. સુલતાનોના

અને મોગલ શહેનશાહોના ફોજદાર ત્યાં રહેતા હતા. કુદરતે તેના રક્ષણ માટે સગવડ આપી હતી અને મનુષ્યપ્રયત્ને તેને કિલ્લાઓ આપ્યા હતા. ઉપરકોટ અને ગિરનારના કિલ્લાઓ તો હતા જ પણ મહમદ બેગડાએ શહેરની આસપાસ પણ કિલ્લો બંધાવ્યો હતો અને શહેરને મુસ્તફાબાદ એવું નામ આપ્યું. પ્રાકૃતિક સૌંદર્યની દૃષ્ટિએ જૂનાગઢ સાથે સ્પર્ધા કરી શકે એવાં બીજાં બે જ સ્થળ છે: ઇડર અને ચાંપાનેર. એ બંને પણ પર્વતદુર્ગો છે. જૂનાગઢ ઉપર મહમદ બેગડાએ વિજય મેળવ્યો હતો. ઈ. સ. ૧૪૬૭માં તેણે જૂનાગઢ જીતી લેવાનો વિચાર કર્યો હતો. એ વર્ષે તેણે ચઢાઈ કરી હતી અને રા'માંડલિકને હરાવ્યો હતો. પણ રા'માંડલિક સુલતાનના તાબેદાર તરીકે સત્તા ભોગવતો રહ્યો હતો. એ છત્ર અને બીજાં રાજ્યચિહ્નો ધારણ કરતો હતો. એટલે બીજે વર્ષે સુલતાને ફરીને ચઢાઈ કરી. રા'માંડલિકે છત્ર વગેરે ચઢાઈ કરનાર લશ્કરને સોંપી દીધાં અને સુલતાનને નજરાણું મોકલ્યું. ફરીને ઈ. સ. ૧૪૬૯માં સુલતાને ચઢાઈ કરી, ત્યારે રા'માંડલિકે સુલતાનને મળીને પૂછ્યું: "મેં કશો ગુનો કર્યો નથી તો પણ તમે મારો નાશ કેમ કરવા માગો છો?" ત્યારે મહમદ બેગડાએ જવાબ આપ્યો: "મૂર્તિ પૂજવા જેવો બીજો કોઈ ગુનો નથી તેથી ~~તમે~~

ઇસ્લામ સ્વીકારો.” રા’માંડલિક આ જવાબથી ગભરાયો અને ગિરનારના કિલ્લામાં જઈને ભરાયો. બે વર્ષ સુધી ઘેરો ચાલુ રહ્યો અને જ્યારે ટકાય તેવું ન રહ્યું ત્યારે રા’માંડલિક સુલતાનને શરણે ગયો. તેને મુસલમાન બનાવવામાં આવ્યો. આમ જૂનાગઢના રજપૂત રાજ્યનો અંત આવ્યો.

ઈ. સ. ૧૫૭૪ માં અકબરે ગુજરાત ઉપર વિજય મેળવ્યો એ પછી ૨૦ વર્ષ સુધી જૂનાગઢ અને નવાનગર ઉપર મોગલસત્તા આવી શકી ન હતી. સુલતાનોનો ફોજદાર તાતારખાન ઘોરી લગભગ સ્વતંત્ર થઈ ગયો હતો. ૧૫૬૩ માં તે મૃત્યુ પામ્યો હતો. એના પછી તેનો પુત્ર અમીનખાન ઘોરી જૂનાગઢમાં રાજ્ય કરતો હતો. ગુજરાત ઉપર વિજય મેળવીને અકબર આગ્રા ગયો તે પછી તેણે જૂનાગઢ કબજે કરવાની આજ્ઞા કરી હતી. પણ એ માટેના પ્રયત્નમાં સફળતા મળી ન હતી. ૧૫૮૨ માં ફરીને પ્રયત્ન થયો પણ એ નિષ્ફળ ગયો. ગુજરાતનો છેલ્લો સુલતાન મુઝફ્ફર ત્રીજો આ બધા સમય દરમિયાન નવાનગરના જામની મદદ મેળવીને મોગલસત્તા સામે લડતો હતો. ઈ. સ. ૧૫૯૨ માં ભૂચર મોરીના યુદ્ધમાં જ્યારે તેનો આખરી પરાજય થયો ત્યારે જૂનાગઢ ઉપર મોગલસત્તા

સ્થાપી શકાય એવી પરિસ્થિતિ આવી. જૂનાગઢના કિલ્લાને ઘેરો ઘાલવામાં આવ્યો અને ઈ. સ. ૧૫૯૨ ના ઑગસ્ટની ૨૭ મી તારીખે જૂનાગઢ મોગલસત્તા નીચે ગયું. એ પછી છેક ૧૭૪૮ સુધી મોગલસત્તા ચાલતી રહી. ઔરંગઝેબના અવસાન પછી મોગલસત્તા નબળી પડતી હતી. ઈ. સ. ૧૭૪૮ માં શેરખાન બાબી જૂનાગઢનો ફોજદાર હતો. તેણે સ્વતંત્રતા જાહેર કરી અને બહાદુરખાન નામ ધારણ કરી નવાબનો ઈલ્કાબ ધારણ કર્યો. ૧૭૪૮ થી ૧૯૪૮ સુધી એટલે બે સદી સુધી જૂનાગઢમાં નવાબોનું રાજ્ય ચાલ્યું.

મોગલરાજ્યના સમયમાં જૂનાગઢનું જે મહત્ત્વ હતું તેનો એક પુરાવો એ છે કે ત્યાં શહેન-શાહતની એક ટંકશાળની સ્થાપના કરવામાં આવી હતી. ત્યાં સોનાના, ચાંદીના અને ત્રાંબાના સિક્કાઓ પાડવામાં આવતા. એ સિક્કાઓના નમૂના સચવાઈ રહ્યા છે.

આજે જૂનાગઢમાં જે જોવાલાયક મકાનો છે તેમાંનાં મહત્ત્વનાં મકાનોનું બાંધકામ સત્તરમી સદીમાં થયું છે. એ સમયનો સરદારબાગ તો આજ દિવસ સુધી સચવાઈ રહ્યો છેઃ નગરના વદન ઉપરના સુંદર તલની ઉપમા તેને દીવાન રણછોડજીએ

'તવારીખે સોરઠ'માં આપી છે.

બાબી વંશના શાસન દરમિયાન અને સવિશેષ ઓગણીસમા શતકમાં તેમજ વીસમા શતકમાં જૂનાગઢમાં સુંદર મકાનોની રચના થઈ હતી. સક્કર બાગમાં એક પ્રાણીઘર પણ બનાવવામાં આવ્યું હતું. અને એ આજપર્યંત ત્યાં છે.

અઢારમી સદીના છેલ્લા પાદમાં જૂનાગઢની મહત્તા સૌરાષ્ટ્રમાં વધી હતી. એ વધારનાર દીવાન અમરજી મુત્સદ્દી હતા અને કુશળ યુદ્ધવીર હતા. સૌરાષ્ટ્રમાં જૂનાગઢને એમણે ગાયકવાડનું સમોવડિયું સ્થાન અપાવ્યું હતું અને પરિણામે તો દેશી રાજ્યો રહ્યાં ત્યાં સુધી જૂનાગઢ પ્રથમ સ્થાને લેખાતું હતું.

જૂનાગઢના ઇતિહાસનું છેલ્લું મહત્ત્વનું પ્રકરણ ઈ. સ. ૧૯૪૭–૪૮ માં લખાયું. એ પ્રકરણમાં મહત્ત્વનો ભાગ સરદાર વલ્લભભાઈ પટેલે ભજવ્યો હતો. તે છેલ્લું પ્રકરણ ઇતિહાસની દૃષ્ટિએ કંઈક વિગતથી આલેખવા જેવું છે.

જૂનાગઢના એ વખતના નવાબે ચૌદમી આગસ્ટ ૧૯૪૭ સુધી ભારતમાં જોડાવા માટેનો દેખાવ ચાલુ રાખ્યો. પણ પંદરમી આગસ્ટે એમણે જાહેરાત કરી કે જૂનાગઢ પાકિસ્તાન સાથે જોડાયું છે.

આ જાહેરાત સાંભળીને દેશભરમાં સનસનાટી વ્યાપી ગઈ. સૌરાષ્ટ્રની પ્રજાને તો એને પરિણામે ભારે આઘાત થયો. જૂનાગઢ દરિયાકાંઠા ઉપર આવેલું અને સૌરાષ્ટ્ર સાથે આર્થિક, સામાજિક અને માનવવંશવિષયક દૃષ્ટિએ અખંડ રીતે જોડાયેલું રાજ્ય હતું. તેની પ્રજામાં એંસી ટકાથી વધુ હિન્દુઓ હતા. એની હકૂમતમાં પ્રસિદ્ધ સોમનાથનું દેવાલય હતું અને બીજાં સંખ્યાબંધ હિન્દુ અને જૈન તીર્થસ્થાનો હતાં. એનો મુલક ભારત સાથે જોડાયેલાં અનેક રાજ્યો સાથે ફૂલગૂંથણીની જેમ જોડાયેલો હતો. એટલે જો જૂનાગઢ પાકિસ્તાન સાથે જોડાય તો વેપાર અને વાહનવ્યવહારની દૃષ્ટિએ અનેક ગૂંચો ઊભી થાય. જૂનાગઢને પાકિસ્તાન સાથે સીધી રીતે જોડનાર કોઈ ભૌગોલિક તત્ત્વ ન હતું. દરિયામાર્ગે પાકિસ્તાન ત્યાંથી ત્રણસો માઈલ દૂર હતું.

વળી જૂનાગઢના નવાબની મહત્ત્વાકાંક્ષાઓ મોટી હતી. માંગરોળ, માણાવદર, બાંટવા, સરદારગઢ અને બાબરિયાવાડનાં નાનાં રાજ્યો ઉપર એ સાર્વભૌમત્વ માગતા હતા. પાકિસ્તાનના શાસકોની અવળી સલાહને તે અનુસરતા હતા. રાજ્યવહીવટમાં એ નવાબ રસ લેતા નહીં. એ વિચિત્ર મિજાજવાળા

હતા. એમના જીવનમાં મુખ્ય રસ કૂતરાંઓને પાળવાનો હતો. એ કૂતરાંઓને એ રાજવંશીઓની જેમ રાખતા હતા.

૧૯૪૭ના મે માં જૂનાગઢના દીવાન તરીકે સિંધના એક આગેવાન મુસ્લિમ લીગી નેતા શાહનવાઝ ભુટ્ટો આવ્યા હતા. એ ઇતિહાસના પ્રવાહને પિછાનતા ન હતા. એમણે જ જૂનાગઢને પાકિસ્તાન સાથે જોડયું હતું. આને પરિણામે કટોકટીની પરિસ્થિતિ સર્જાઈ. ભારતે આ જોડાણનો વિરોધ કર્યો, તોપણ પાકિસ્તાને એ જોડાણ મંજૂર રાખ્યું.

સરદાર સૌરાષ્ટ્રમાં પાકિસ્તાનનો પગદંડો જામે એ સહન કરવા તૈયાર ન હતા. ૧૯૪૭ના સપ્ટેમ્બરની સત્તરમી તારીખે જૂનાગઢની સરહદ ઉપર ભારતીય સેના ગોઠવી દેવામાં આવી. અઢારમી તારીખે શ્રી વી. પી. મેનન જૂનાગઢ ગયા. એમનો હેતુ નવાબને વાસ્તવિકતાનું ભાન કરાવવાનો હતો. એ નવાબને તો ન મળી શકયા. દીવાનને મળ્યા. દીવાને એમને કહ્યું કે જે કંઈ વાત કરવી હોય તે પાકિસ્તાનની સરકાર સાથે જ કરવી જોઈએ. શ્રી મેનન માણાવદરના ખાનને પણ મળ્યા. એમણે પોતાના રાજ્યનું જોડાણ પાકિસ્તાન સાથે કર્યું હતું. એમણે શ્રી મેનનની વાત ન સાંભળી. માંગરોળના શેખસાહેબ જુદા

પ્રકારના માનવી હતા. એ શ્રી મેનન સાથેની વાતને અંતે તરત જ ભારત સાથે જોડાયા.

આ સમય દરમ્યાન સૌરાષ્ટ્રના પ્રજાજનોના પ્રતિનિધિઓનું એક સંમેલન મુંબઈ મુકામે મળ્યું. એ સંમેલને જૂનાગઢનો પ્રશ્ન પ્રજાએ હાથ ધરવો જોઈએ એમ ઠરાવ્યું. શ્રી શામળદાસ ગાંધીએ કાઠિયાવાડ પ્રજાકીય મોરચો સ્થાપ્યો. એ મોરચાએ જૂનાગઢ ઉપર ચઢાઈ કરીને જૂનાગઢને નવાબના કબજામાંથી છોડાવવાનું ઠરાવ્યું.

આના પ્રત્યાઘાતરૂપે જૂનાગઢના નવાબે માંગરોળ અને બાબરિયાવાડમાં પોતાની ફોજ મોકલી. માણાવદરના ખાન પણ ત્યાંની પ્રજાને રંજાડતા હતા; એટલે બાવીસમી આક્ટોબરે સૌરાષ્ટ્રની પોલીસે માણાવદરનો કબજો લઈ લીધો હતો. નવેમ્બરની પહેલી તારીખે ભારતીય સેનાએ બાબરિયાવાડ અને માંગરોળનો કબજો સંભાળી લીધો હતો.

શ્રી શામળદાસ ગાંધીના આંદોલનમાંથી પ્રેરણા મેળવીને જૂનાગઢની પ્રજાએ બળવો પોકાર્યો હતો. એ પરિસ્થિતિમાં નવાબ બચાવ કરી શકે એવું હતું નહીં. પાકિસ્તાન એમને કોઈ મદદ પહોંચાડી શક્યું નહીં. ભયભીત બનીને નવાબ પચીસમી આક્ટોબરે

વિમાનમાર્ગે નાસી ગયા. એ પોતાની સાથે પોતાનું કુટુંબ, પોતાનાં માનીતાં કૂતરાંઓ અને રાજ્યની તિજોરીમાંથી લગભગ એક કરોડ રૂપિયાની સરકારી અનામતો લઈ ગયા હતા.

બે દિવસ પછી તો દીવાને કાયદે આઝમ ઝીણાને લખી નાખ્યું કે, રાજ્યમાંના મુસલમાનો પાકિસ્તાનને સાથ આપવા તૈયાર નથી. મુસલમાન આગેવાનોએ દીવાનને સલાહ આપી કે એમણે અથડામણ કરવી નહીં. સાતમી નવેમ્બરે દીવાનને સ્પષ્ટ દેખાઈ ગયું કે પોતાના માટે રાજ્યવહીવટ ચલાવવાનું શકય નથી. એમણે ભારત સરકારને રાજ્યનો વહીવટ સંભાળી લેવા વિનંતી કરી. ભારત સરકાર વહીવટ સંભાળે તે પહેલાં તો દીવાન પાકિસ્તાન તરફ રવાના થઈ ગયા હતા. નવેમ્બરમાં રાજકોટના પ્રાદેશિક કમિશનરે જૂનાગઢનો કબજો સંભાળી લીધો. આ પછી થોડા જ સમયમાં લોકમત લેવામાં આવ્યો હતો. તેમાં એક લાખ નેવું હજાર આઠસો સિત્તેર મત ભારતને પક્ષે પડ્યા હતા અને માત્ર એકાણું મત પાકિસ્તાનને પક્ષે પડ્યા હતા. આ પછી જૂનાગઢ રાજ્યને એક વહીવટદાર નીચે મૂકવામાં આવ્યું હતું. એ વહીવટદારને સલાહ આપવા શ્રી શામળદાસ ગાંધી સહિત ત્રણ સભ્યોની

એક સમિતિ રચવામાં આવી હતી. જૂનાગઢ રાજ્યની એક લોકપ્રતિનિધિસભા એ પછી ચૂંટાઈ હતી. એ સભાએ ૧૯૪૮ના ફેબ્રુઆરીની વીસમી તારીખે સર્વાનુમતે જૂનાગઢ સૌરાષ્ટ્ર સાથે વિલીન થઈ જાય એવો નિર્ણય કર્યો હતો.

જૂનાગઢની આ ઇતિહાસકથામાં આપણે એક ખૂબ પ્રચલિત વાતનો ઉલ્લેખ કર્યો નથી. એ સકારણ કર્યો નથી. રા'ખેંગાર, રાણકદેવી અને સિદ્ધરાજનાં પાત્રો આસપાસ વણાયેલી દંતકથાની એ વાત છે. દંતકથા તો કહે છે કે સિદ્ધરાજે રા'ખેંગાર અને તેના બે પુત્રાનો વધ કર્યો હતો અને પછી તે રાણકદેવીને ઉપાડીને પાટણ જતો હતો ત્યાં માર્ગમાં વઢવાણ પાસે રાણકદેવી સતી થઈ. આ દંતકથા છે. તેને ઇતિહાસનું સમર્થન મળતું નથી. સાચી વાત એમ લાગે છે કે સિદ્ધરાજે જૂનાગઢના રા'નો પરાજય કર્યો હતો અને તેને કેદ પકડીને એ પાટણ લઈ ગયો હતો; તેની પાસે માફી મંગાવીને તેને મુક્ત કર્યો હતો. સંભવ એવો છે કે તેની રાણી તેની પાછળ પાટણ આવી હશે. પાટણથી પાછા ફરતાં વઢવાણ નજીક રા'નું મૃત્યુ થયું હશે અને રાણી સતી થઈ હશે. રાણકદેવી સામાન્ય નામ છે કે વિશેષ નામ છે તેને વિષે પણ સંદેહ છે.

માત્ર ગુજરાતના જ ઇતિહાસમાં નહીં, દુનિયાભરના ઇતિહાસમાં જૂનાગઢનું સ્થાન એક રીતે વિશિષ્ટ છે. અઢી હજાર વર્ષ સુધી જે નગરોનો ઇતિહાસ સળંગ મળતો હોય એવાં નગરો બહુ થોડાં છે. તેમાં પણ આટલો વિગતપૂર્ણ અને સ્પષ્ટ ઇતિહાસ તો કદાચ બીજાં કોઈ નગરનો મળતો નથી. બૌદ્ધ, જૈન અને વૈદિક પરંપરાઓનું કેન્દ્ર આ નગરમાં રહ્યું છે. એક મહત્ત્વનું શાક્તપીઠ અહીં રહ્યું છે અને શૈવ સંપ્રદાયનું કેન્દ્ર પણ ત્યાં રહ્યું છે. ભક્તિ સંપ્રદાયમાં જેમને ખૂબ મહત્ત્વ અપાયું છે તે નરસિંહ મહેતા અહીં થઈ ગયા છે. પીર જમિયલ શાહ દાતાર જેવા ઈસ્લામી ઓલિયાનું અહીં પ્રવૃત્તિકેન્દ્ર રહ્યું છે. ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજી, શ્યામજી કૃષ્ણ વર્મા અને એવા બીજા અર્વાચીન યુગના અગ્રેસરોએ અહીં પ્રવૃત્તિ કરી છે. નર્મદના સમોવડિયા મણિશંકર કીકાણી જેવા સમાજસુધારકોએ આ નગરમાં વસીને અર્વાચીન યુગના પ્રારંભમાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે. નવા ગુજરાતનું ઘડતર કરનારા સંખ્યાબંધ સ્નાતકો જૂનાગઢની બહાઉદ્દીન કોલેજે આપ્યા છે. સ્વાતંત્ર્યસંગ્રામના અનેક અગ્રેસરો જૂનાગઢે આપ્યા છે. પ્રાચીનકાળે, મધ્યયુગે અને અર્વાચીન યુગે જૂનાગઢનો ઇતિહાસ જેમ યશસ્વી

છે તેમ તેનું ભાવિ પણ એવું જ ઉજ્જ્વલ હશે એમ કહીએ. એવી રત્નગર્ભા વસુંધરા આ ગિરિનગર જૂનાગઢની છે.

★

ગુજરાત પરિચય માળામાં
પ્રગટ થયેલાં પુસ્તકો

★

અમદાવાદ

દ્વારકા

વડોદરા

ભુજ

સોમનાથ

ભરૂચ

પાટણ

ગુજરાત પરિચય

લેખક : ધનવંત

આપણા ગુજરાત પ્રદેશનું સાંસ્કૃતિ
સામાજિક, રાજકીય ઇત્યાદિ દૃષ્ટિએ સા
વિદ્યાર્થીઓને-રસ પડે એ દૃષ્ટિએ પરિચય આપવાના હેતુથી આ શ્રેણી શરૂ થાય છે.

આ માળામાં લગભગ ૧૦૦ પુસ્તિકા પ્રસિદ્ધ કરવાની ધારણા છે. તેના પ્રથમ ગુચ્છમાં ૨૪ પુસ્તિકા પ્રસિદ્ધ થશે. પ્રથમ ગુચ્છનું લવાજમ રૂા. ૧૫-૦૦ રહેશે. ટપાલખર્ચ સંચાલક ભોગવશે.

★

પ્રસિદ્ધ થયેલી પુસ્તિકાઓ : ૧. અમદાવાદ, ૨. દ્વારકા, ૩. વડોદરા, ૪. ભૂજ, ૫. સોમનાથ, ૬. ભરૂચ, ૭. પાટણ, ૮. જૂનાગઢ.

હવે પછી : ૯. ખંભાત, ૧૦. વલભી, ૧૧. પોરબંદર, ૧૨. વડનગર, ૧૩. સૂરત, ૧૪. નડિયાદ, ૧૫. શિહોર, ૧૬. શ્રીમાળ-ભિન્નમાળ, ૧૭. ગિરનાર, ૧૮. સાબરમતી, ૧૯. આબુ, ૨૦. નર્મદા, ૨૧. શત્રુંજય, ૨૨. મહીસાગર, ૨૩. પાવાગઢ, ૨૪. તાપી.

★

પ્રકાશક

★

નવચેતન પ્રકાશન ગૃહ

૩, પંકજ સોસાયટી, સરખેજ રોડ, અમદાવાદ-૭

કિંમત : ૧-૦૦

મું. શ્રી ખડાયતા મુદ્રણ કલા મંદિર, અમદાવાદ